<u>ખુબ અગત્યનો.</u>

*વિદેશી ફાળો મેળવવા માટેની પુર્વ મંજુરી (એફસી-૧એ)ની તથા વિદેશી ફાળો મેળવવા માટે રજીસ્ટ્રેશન(એફસી-૮)ની અરજીઓ ભારત સરકારને મોકલવા બાબત.*

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
પરિપત્ર ક્રમાંકઃએફસીઆરસેલ/૩/૨૦૦૮
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ- ૬-૬-૨૦૦૮

**પરિપત્રઃ-**

બિન સરકારી સંસ્થાઓ ધ્વારા વિદેશી ફાળો/દાન મેળવવા માટે ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એકટ અને રૂલ્સ ૧૯૭૬ ની જોગવાઈઓ અનુસાર ભારત સરકારની પૂર્વ મંજુરી માટે ફોર્મ એફસી-૧એ માં અને નોંધણી માટે ફોર્મ એફસી-૮ માં કરવામાં આવતી અરજીઓની સબંધિત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા જરુરી ચકાસણી/તપાસ કરાવ્યા બાદ ભલામણ પ્રમાણપત્ર સાથે સરકારશ્રીના ગૃહ વિભાગ મારફતે ભારત સરકારને મોકલવા બાબતે આ વિભાગના સરખા ક્રમાંકઃના તા.૯-૪-૦૩, તા.૧૯-૯-૦૭, તા.૪-૩-૦૮ અને તા.૧૮-૩-૦૮ના પરિપત્ર ધ્વારા જરુરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

તાજેતરમાં ભારત સરકારના ગૃહ મંત્રાલયના અધિકારીશ્રી સાથે નિયામકશ્રી (એફસીઆર-સેલ) ની થયેલ ચર્ચા મુજબ આ વિભાગના સરખા ક્રમાંકવાળા તા.૧૯-૯-૦૭ અને તા.૪-૩-૦૮ના પરિપત્રો ધ્વારા આપેલ સૂચનાઓમાં નિચે મુજબનો ફેરફાર કરવામા આવે છે જેનો અમલ તાત્કાલિક અસરથી ચૂસ્તપણે થાય તે જોવા વિનંતી છે.

ભારત સરકારના ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ પ્રથમ સબંધિત બિન સરકારી સંસ્થા કે જેઓ એફસીઆરએ ૧૯૭૬ની જોગવાઈ હેઠળ ભારત સરકારની પૂર્વ મંજુરી (ફોર્મ-એફસી-૧ એ) કે નોંધણી (ફોર્મ-એફસી-૮) માટે અરજી કરવા માગતી હોય તેને સૌ પ્રથમ ભારત સરકારના ગૃહ મંત્રાલયની વેબ સાઈટ www.mha. nic. in/fcra. htm માં જઈ FCRA online service માં જઈ ઓન-લાઈન અરજી ભારત સરકારને મોકલવાની રહેશે. ત્યારબાદ તેની ચાર નકલમાં પ્રિન્ટ આઉટ લેવાની રહેશે. જેમાં ભારત સરકારની ફાઈલનો નંબર પણ આવી જશે. આ પ્રિન્ટ આઉટમાં સંસ્થાના અધિકૃત મુખ્ય કર્તાની સહી કરાવીને જરુરી બીડાણો સહિત ફીજીકલ ફોર્મમાં સંસ્થાએ ચાર નકલમાં આ અરજી સબંધિત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી મળેથી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ વિભાગના સરખા ક્રમાંકવાળા તા. ૯-૪-૦૩, તા.૧૯-૪-૦૭, તા.૪-૩-૦૮ અને તા.૧૮-૩-૦૮ ના પરિપત્રો ધ્વારા આપેલ સૂચના મુજબ અરજી આપ્યાની તારીખથી બે માસની અંદર તેની જરુરી તપાસ/ચકાસણી કરાવીને ભલામણ પ્રમાણપત્રમાં સહી સિકકા કરીને અરજી જરુરી બિડાણો સહિત ત્રણ પ્રતમાં ગૃહ વિભાગને મોકલી આપવાની રહેશે. ગૃહ વિભાગને આ અરજી મળેથી જરુરી મંજુરી મેળવીને તે અરજી બે પ્રતમાં ભારત સરકારને આગળ પરની જરુરી કાર્યવાહી અર્થે સંબંધિત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને સંબંધિત બિન-સરકારી સંસ્થાની જાણ હેઠળ મોકલી આપવામાં આવશે.

વિશષમાં હાલ જે જીલ્લાની જે સંસ્થાઓની અરજીઓ પત્રવ્યવહારમાં છે તેવી તમામ સંસ્થાઓ પાસે તેઓની અરજી ભારત સરકારને ઓનલાઈન સબમીટ કરાવીને તેની પ્રિન્ટ આઉટ ચાર નકલમાં મેળવીને પત્ર વ્યવહાર હેઠળના મુદ્દૃઓની પૂર્તતા સાથે ત્રણ નકલમાં ઉપર આપેલ સૂચના મુજબ મોકલવાની રહેશે.

આથી તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને જણાવવાનું કે, ભારતસરકારની પૂર્વ મંજુરી (એફસી–૧એ) કે નોંધણી (એફસી–૮) માટે મળેલ અરજીઓની ચકાસણી/તપાસ બિન–જરુરી વિલંબ ન થાય તે રીતે આયોજન કરીને આ વિભાગના પરિપત્રોમાં તેમજ ઉપર આપેલ સૂચના મુજબ અરજીઓ ગૃહ વિભાગ મારફતે ભારત સરકારને મોકલવા જરુરી અંગત કાળજી લેવા વિનંતી છે.

ઉપરોક્ત સૂચના નો ચુસ્તપણે અમલ થાય તે જોવા વિનંતી છે.

મ.મં.પરીખ
(એમ.એમ.પરીખ)
નિયામક
એફસીઆર સેલ
ગૃહ વિભાંગ.

પ્રતિ,
સર્વે જીલ્લા કલેકટશ્રીઓ અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
જાણ અર્થે રવાનાઃ–
(૧) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
(૨) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે), ગુ.રા.,ગાંધીનગર.
(૩) સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
(૪) સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
(૫) ચેરીટ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય દિનબાઈ ટાવર, અમદાવાદ
(૬) નાયબ સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૭) શાખા સિલેકટ ફાઈલ.